# દ્વારકાના કુરંગા સરકારી પ્રાથમિક શાળામાં સરગવા આધારિત પૌષ્ટિક મધ્યાહન ભોજનની અનોખી પહેલ







દ્વારકા : સારા આરોગ્ય અને સર્વાંગી વિકાસ માટે જો કોઈ સૌથી મહત્વપૂર્ણ તત્વ હોય તો તે પોષણ છે. દૈનિક જીવનમાં લેવાતો યોગ્ય, સંતુલિત અને પૌષ્ટિક આહાર શરીરને જરૂરી ઊર્જા પૂરી પાડે છે, રોગપ્રતિકારક શક્તિ વધારે છે તેમજ માનસિક અને શારીરિક વિકાસને વેગ આપે છે. આજના ઝડપી અને બદલાતા જીવનપ્રવાહમાં પોષણનું મહત્વ વધુ ઊંડાણપૂર્વક સમજવું અત્યંત આવશ્યક બન્યું છે. યોગ્ય આહાર માત્ર ભૂખ સંતોષવાનો સાધન નથી, પરંતુ તે સ્વસ્થ, સશક્ત અને કાર્યક્ષમ સમાજની રચનાનો આધારસ્તંભ છે.

બાળકોના સર્વાંગી વિકાસમાં પોષણનું મહત્વ ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ખાસ કરીને બાળકોને નાની વયથી જ યોગ્ય પોષણ મળી રહે તે હેતુસર અમલમાં મુકાયેલી મધ્યાહન ભોજન યોજના બાળકોના આરોગ્ય સુધારામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ યોજના અંતર્ગત શાળાઓમાં બાળકોને પૌષ્ટિક, સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ ભોજન આપવામાં આવે છે, જેથી તેમની હાજરીમાં વધારો થાય તેમજ શૈક્ષણિક ક્ષમતા અને એકાગ્રતા વધે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુરંગા પ્રાથમિક શાળામાં આ યોજનાનો ઉત્તમ અમલ થતો જોવા મળે છે. શાળાના આચાર્યા તન્વીબેનના માર્ગદર્શન હેઠળ બાળકોના આરોગ્ય અને પોષણ માટે વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. શાળામાં આપવામાં આવતાં મધ્યાહન ભોજનમાં પરંપરાગત અને પૌષ્ટિક ખોરાકને સ્થાન આપવામાં આવી રહ્યું છે, જેમાં ખાસ કરીને સરગવાના સિંગો તથા સરગવાના પાનનો સમાવેશ કરવામાં આવે છે. આ અંગે શાળાના આચાર્યા તન્વીબેનએ જણાવ્યું કે, ‘‘બાળકો આપણા દેશનું ભવિષ્ય છે. જો બાળકો તંદુરસ્ત અને સશક્ત હશે તો જ દેશનો વિકાસ શક્ય બનશે. બાળકોને નાની ઉંમરથી જ પૌષ્ટિક આહારની આદત વિકસે તેવા પ્રયાસો રાજ્ય સરકાર તેમજ શાળા સ્તરે કરવામાં આવી રહ્યા છે. અમારી શાળામાં મધ્યાહન ભોજનમાં સરગવાના સિંગો અને પાનનો ઉપયોગ કરીને બાળકોને સ્વાભાવિક રીતે પોષણ પૂરૂં પાડવાનો પ્રયાસ કરીએ છીએ.

સરગવો આરોગ્ય માટે અમૃત સમાન હોવાનું જણાવતાં આચાર્યાએ વધુમાં જણાવ્યું હતું કે, સરગવામાં વિટામિન સી, ફાઈબર, પોટેશિયમ અને કેલ્શિયમ જેવી જરૂરી પોષક તત્વો ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. સરગવો પાચનતંત્રને મજબૂત બનાવે છે અને કબજિયાત તથા ગેસ જેવી સમસ્યાઓથી બચાવે છે. ઉપરાંત, તે બ્લડ શુગર નિયંત્રિત રાખવામાં તથા કોલેસ્ટ્રોલ ઘટાડવામાં પણ ઉપયોગી માનવામાં આવે છે. નિયમિત રીતે સરગવાનો સમાવેશ કરવાથી શારીરિક કમજોરી દૂર થાય છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. સરગવામાં રહેલું કેલ્શિયમ હાડકાંને મજબૂત અને સશક્ત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. કુરંગા પ્રાથમિક શાળામાં કરવામાં આવી રહેલી આ પહેલ માત્ર બાળકોના આરોગ્ય સુધી સીમિત નથી, પરંતુ પોષણ અંગે જાગૃતિ ફેલાવવાનો પણ એક સકારાત્મક પ્રયાસ છે. બાળકો ઘર સુધી આ પૌષ્ટિક આહારની માહિતી પહોંચાડે છે, જેના કારણે પરિવારોમાં પણ સ્વસ્થ આહાર અપનાવવાની પ્રેરણા મળે છે.

## દ્વારકા જિલ્લાના સાગરખેડુ સાયકલ રેલીમાં ભાગ લેવા ઈચ્છુકોએ અમરેલી ખાતે અરજી કરવાની રહેશે

દ્વારકા : કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં ઉપક્રમે દર વર્ષે સાગરખેડુ સાયકલ રેલી કાર્યક્રમ યોજવામાં આવે છે. ચાલુ વર્ષે ૭ (સાત) દિવસ માટે સાગરખેડુ સાયકલ રેલી કાર્યક્રમ યોજાનાર છે. જેમાં રાજ્યભરમાંથી મળેલ અરજીઓમાંથી પસંદ કરાયેલ યુવક યુવતીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપવામાં આવશે.

કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા ગુજરાત રાજ્યનાં ૩૧/૧૨/૨૦૨૫ના રોજ ૧૫થી ૩૫ વર્ષની ઉંમરના અભ્યાસ ચાલુ હોય કે ન હોય તેવા યુવક-યુવતીઓને આ કાર્યક્રમમાં જોડાવવા માટે બ્લોગસ્પોટ dydoamreli.blogspot.com પરથી અથવા જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કરીરી, બહુમાળી ભવન, પ્રથમ માળે, બ્લોક-સી, રૂમનં. ૧૧૦/૧૧૧, અમરેલી પરથી રૂબરૂ ફોર્મ મેળવી શકશે. જેમાં ઉમેદવારે પોતાનું નામ-સરનામું, મોબાઈલ નંબર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, એન.સી.સી/ પર્વતારોહણ/ રમતગમત/ સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું દાક્તરી પ્રમાણપત્ર, વાલીનું સંમતિપત્રક, તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો, ઓળખપત્ર, અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહિતી સાથે જોડવાની રહેશે. અરજી કરવા તા.૨૦/૦૧/૨૦૨૬ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક-સી, રૂમનં, ૧૧૦/૧૧૧, અમરેલીને મોકલી આપવાની રહેશે. માત્ર પસંદગી પામેલ યુવક-યુવતીઓને ફોન/પત્ર દ્વારા જાણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર યુવક-યુવતીઓને નિવાસ, ભોજન, તથા આવવા જવાનું ભાડું સરકારથી તરફથી આપવામાં આવશે, તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# જામજોધપુરમાં જિલ્લા સહકારી બેંકની અદ્યતન બિલ્ડીંગને ખુલ્લું મુકતા ધારાસભ્ય હેમંત ખવા








જામનગર : જામજોધપુરમાં ઘણાં વર્ષોથી જીલ્લા સહકારી બેંકની શાખા કાર્યરત છે. થોડા વર્ષો પહેલા આ બેંકની જગ્યા જર્જરીત થઈ ગઈ હતી જેના કારણે બેંકને અન્ય જગ્યાએ ભાડાના મકાનમાં ફેરવવા ફરજ પડી હતી. હાલ બેંકની માલીકીની જગ્યાએ નવી ઈમારત બની જતાં તા.પના રોજ ગ્રાહકો માટે ખુલ્લી મુકવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત જામજોધપુર માર્કેટીંગ યાર્ડના ચેરમેન બ્રિજરાજસિંહ જાડેજાએ જણાવેલ કે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ દ્વારા સહકારી ક્ષેત્રને વેગ આપવા બનેલ સહકાર મંત્રાલય હેઠળ સમગ્ર ભારત દેશમાં સહકારી ક્ષેત્રે અનેકવિધ સુવિધાઓ આપવામાં આવી છે અને જે ગામમાં સહકારી મંડળી કાર્યરત નથી તે ગામોમાં સહકારી મંડળીઓ ચાલુ કરી સહકારી ક્ષેત્રના માધ્યમથી ખેડુતો, પશુપાલકોને થતાં લાભો અંગે માહીતી આપી હતી. જામજોધપુરમાં જીલ્લા બેંકની શાખામાં ૯૮૦૦ ખાતા છે અને થાપણો રૂા.૨૫ કરોડથી વધુ છે તેની સામે ધીરાણ રૂા.૩૪ કરોડથી વધુ અપાયેલું છે. જે પૈકી ૯૮ ટકા ધીરાણ ન્યુનતમ વ્યાજદરનું છે. આ શાખાએ ગત વર્ષમાં રૂ.૧ કરોડ ૭૨ લાખનો નફો કર્યો છે.

કાર્યક્રમના મુખ્ય ઉદઘાટક અને ધારાસભ્ય હેમતભાઈ હરદાસભાઈ ખવાએ પોતાના પ્રવચનની શરૂઆતમાં અનેકવિધ મુદાઓ ઉપર પોતાનું ઉદબોધન આપતાં જણાવ્યું કે બેંકની તમામ સેવાઓ છેવાડાના ગામડાના ખેડુત સભાસદોને મળી રહે તે માટે સૂચન કર્યું અને બેંકનો સ્ટાફ પુરી વિશ્વસનીયતા સાથે પોતાની ફરજો બજાવે અને સરકારની તમામ યોજનાઓનો લાભ સભાસદોને મળતો રહે અને બેંક દ્વારા જે ગામોમાં બેંકીગ સેવાઓ ઉપલબ્ધ નથી ત્યાં બેકીગ સેવાઓ એટીએમ મારફત મળી રહે તેવું આયોજન કરવા પણ તેઓ તરફથી સૂચન કરવામાં આવેલ હતું અને બેંકમાં આવતાં સભાસદોને પુરી સગવડતા આપવી અને મંડળીઓના મંત્રીઓને કામ કરવા પણ જગ્યા ફાળવી આપવા જણાવ્યું હતું.

આ તકે જામજોધપુર એપીએમસીના ચેરમેન તથા પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજા, જામજોધપુર તાલુકા પંચાયતના સદસ્યો ભરતભાઈ ગોધમ, હેંમતભાઈ કરંગીયા, જામજોધપુર તાલુકા સંઘના ડાયરેકટરો થમભા જાડેજા, કિશોરસિંહ જાડેજા, ભીમશીભાઈ શીર, જામજોધપુર માર્કેટીંગ યાર્ડના ડાયરેકટરો મુકેશભાઈ સરધારા, પ્રવિણભાઈ કારેલા, જામજોધપુર નગરપાલીકાના કોર્પોરેટર લાલજીભાઈ વિઝુંડા, બેંકના પૂર્વ ઓફીસર જગદીશસિંહ જાડેજા, અગ્રણી રમણીકભાઈ અભંગી અને જામજોધપુર તાલુકાની મંડળીના પ્રમુખો-મંત્રીઓ, સહિતના આગેવાન અને બેંકના ઓફીસરો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની આભારવિધિ બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસર ડો.મૌનિલ હાથીએ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન બેંકના જનરલ મેનેજર અલ્પેશ મોલિયાએ કર્યું હતું.

# જામનગર જિલ્લામાં ઉતરાયણ પર્વ પશુ-પંખીઓની સારવાર માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા

જામનગર : ઉતરાયણ પર્વમાં પતંગના ધારદાર દોરાથી પક્ષી ઘાયલ થાય તો તેને સરળતાથી સારવાર મળી શકે તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન વન અને પશુપાલન વિભાગ દ્વારા કરૂણા અભિયાન-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે.

ઘાયલ થયેલા પશુ-પક્ષીઓને તાત્કાલિક સારવાર મળે તે માટે ઉતરાયણના તહેવારમાં જામનગર જિલ્લાના તમામ પશુ દવાખાના ચાલુ રહેશે તેમજ ૬ તાલુકામાં પશુ દવાખાનાની ટીમ ઉપરાંત ૧૯૬૨ પશુ દવાખાનાની મોબાઈલ ટીમ પણ કાર્યરત રહેશે. ઉતરાયણ પર્વ અંતર્ગત ઘાયલ પક્ષી કે બીમાર પશુ જોવા મળે તો ૧૯૬૨ ફ્રી હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરતા મેડિકલ ટીમ સ્થળ પર આવી સારવાર કરશે.

## પક્ષીઓને ઈજા કે દોરીમાં ફસાય નહિ તે માટે શું કરવું?

ચાઈનીઝ અને સિન્થેટિક દોરીનું વેચાણ, સંગ્રહ કે ઉપયોગ ટાળવો. આ ઘેરી ઘણા મહિના સુધી કંઈ થતું નથી. તે ઘોડી પણ કાચી પડતી નથી. આથી તહેવાર પતે પછી પણ ઠેર ઠેર લટકતી ચાઇના દોરીમાં પક્ષીઓની પાંખ કે પગ ફસાઈ ગયા હોય તેવા કેસ આવે છે.પતંગ ઉત્તરાયણના દિવસે જ સવારના ૯:૦૦ કલાક થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન ચગાવીએ. દોરી વધારે પાક્કી કરવા તેની પર કાચ ના લગાવવો જોઈએ. ૧૦ થી ૧૫ ટકા પક્ષીઓને જ ઊડતી વખતે દોરી વાગે છે, બાકીનાં તો જ્યાં-ત્યાં પડેલી દોરીઓમાં જ ફસાઈ જાય છે. તેથી ધાબા પર દોરીના ગુચ્છા ના થવા દેવા તેમજ તમારી આજુબાજુની જગ્યા અને ઝાડ પર દેખાતા દોરીના ગુચ્છાનો નિકાલ કરવો. પશુઓને ખાસ કરીને ગાયને ભાવિક લોકો દ્વારા લીલોચારો, રજકો, ઘુઘરી વગેરે વધુ પ્રમાણમાં ખવડાવવાના કારણે પશુઓમાં આફરાના તથા મેણો ચડવાના કેસો અવાર-નવાર બનતા હોય છે તે બાબતે ગૌશાળા પાંજરાપોળ સંચાલકોને કાળજી રાખવા નાયબ પશુપાલન નિયામક જિલ્લા પંચાયત, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ઘવાયેલાં પક્ષીની પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી?

જો પક્ષીની પાંખ કે પગમાં દોરી લપેટાઈ ગઈ હોય તો ધીમેથી તે કાઢી નાખો. લોહી વહેતું હોય તો તેના પર આયોડેક્સ કે ચૂનો ના લગાવવો જોઈએ અને એના ઘા ઉપર હળવેથી રૂ મુકી લોહી નીકળતું બંધ કરીએ. આપણાં અને પક્ષીઓનાં શરીરની રચના અલગ હોય છે એટલે આપણે જે પ્રાથમિક સારવારમાં વસ્તુઓ વાપરતા હોય તે તેમના માટે ના વાપરવી જોઈએ.

ભૂલથી પણ પક્ષી પર પાણી ના છાંટવું કે ઘાયલ હાલતમાં તેને કોઈ દાણા ખવડાવવા ના જોઈએ. ઘાયલ પક્ષીમાંથી દોરી કાઢી તેને એક બોક્સમાં મૂકવું અને ઉપરની બાજુ કાણા પાડવા જેથી તે શ્વાસ લઈ શકે.

સમડી, કાગડો કે અન્ય મોટું પક્ષી હોય તો રૂમાલની મદદથી પકડી બોક્સમાં મૂકવું. તાર કે દોરી પર લટકેલાં પક્ષી પર લંગતિયું કે પથ્થર ક્યારેય ના મારવો.

# હાપા માર્કેટ યાર્ડમાં મગફળી ખરીદ કેન્દ્રોની મુલાકાત લેતા ધારાસભ્ય રાઘવજી પટેલ

જામનગર : જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં આ વખતે મગફળીની મબલખ આવક થવા પામી છે. જેને લઈ યાર્ડની સ્થિતિ હાઉસફુલ જેવી થઈ ગઈ છે. ત્યારે આજ સવારે રાજયના પૂર્વ કૃષિમંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે હાપા માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે ખરીદ કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને વિગતો જાણી હતી. તેમની સાથે યાર્ડના ચેરમેન મુકુંડ સભાયા, સેક્રેટરી હિતેશ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



તસવીરઃ સુનિલ ચુડાસમા

# જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં પીવાનું પાણી દૂષિત આવતા કોંગ્રેસ દ્વારા તંત્રને આવેદન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના પટેલ કોલોની-૯ સહિત આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી પીવાના પાણીમાં દુર્ગંધયુકત દુષિત પાણીનુ વિતરણ થતુ હોવાના મામલે સ્થાનિકોએ ભારે આક્રોશ વ્યકત કર્યો હતો. જે પાણીનો પીવામાં તો ઠીક પણ ઉપયોગ પણ દોહ્યો બન્યો હોવાનો આક્રોશ સ્થાનિકોએ વ્યકત કર્યો હતો.જે દરમિયાન શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સંબંધિત વિસ્તારના સ્થાનિક લોકોને સાથે રાખી મહાનગરપાલિકા કચેરીએ પણ સામુહિક રજુઆતો કરાઈ હતી.

આ મામલે કોંગ્રેસ દ્વારા આવેદન પણ પાઠવાયુ હતુ જેમાં જણાવાયા અનુસાર સબંધિત વિસ્તારના લોકોને દુષિત પાણીના કારણે પાણીજન્ય રોગો થઈ રહયા છે.ત્યારે કોઈ મોટી જાનહાની થાય તે પહેલા તાકિદે જરૂરી પગલા લઈ લોકોની જીંદગી સાથે ચેડા ન થાય અને લોકોને સ્વચ્છ પાણી મળે એવી આવેદનમાં રજુઆત કરી હતી.આ દરમિયાન મનપાના સત્તાધિશો દ્વારા ઉપરોકત સમસ્યા મામલે ૪૮ કલાકમાં પાણી સંબંધિત ફરીયાદનો હલ કરવા કાર્યવાહીની ખાત્રી પણ હતી.

રહીશો લગભગ પખવાડીયાથી દુર્ગંધયુકત સંભવત ગટર મિશ્રિત દુષિત પાણીના વિતરણના કારણે લોકો પીવામાં ઉપયોગ કરી શકતા નથી.જે દરમિયાન સંબંધિત વિસ્તારના ચારેક લોકો પણ પાણીજન્ય બિમારીનો ભોગ બની ચુકયા હોવાનુ પણ સ્થાનિક લોકોએ જણાવ્યુ હતુ.જે સાથે દુષિત જળના સેપણ પણ તંત્ર સમક્ષ રજુ કરાયા હતા.

# ટોડા ગામે ભરડીયામાંથી કોપર વાયરની તસ્કરી કરનાર મહિલા સહિત ત્રણ ઝડપાયા



જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે આવેલા ભરડીયામાંથી થયેલી કોપર વાયરની ચોરીનો ભેદ ઉકેલાયો છે. કાલાવડ ગ્રામ્ય પોલીસે ચોરી મામલે બે આરોપીઓને પકડી પાડી તેની પાસેથી એક લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

કાલાવડ તાલુકાના ટોડા ગામે આવેલા એક સ્ટોન ક્રશરમાંથી બે દિવસ અગાઉ ૧૮૫ મીટર કોપર વાયર અને બે નંગ પીતળ ધાતુની ટોગલ પીનની ચોરી થઈ હતી. જે મામલે ફરિયાદ બાદ પોલીસ તપાસ હતી ત્યારે બાતમી મળી કે ચોરીમાં સંડોવાયેલા બે શખ્સો બાઈક લઈને ચોરાઉ મુદ્દામાલ સાથે ભાવાભી ખીજડીયા ગામ તરફથી દાણીધાર પાટીયા તરફ જઈ રહ્યા છે. પોલીસે દોડી જઈ દાણીધાર મંદીરના પાટીયા પાસેથી મૂળ ગોધરાના સંજય પરષોત્તમ સેનવા (૨૬), સુનિલ પરષોત્તમ સેનવા અને સુધાબેન પરષોત્તમભાઈ સેનવાને પકડી પાડ્યા હતા. જેની પાસેથી રૂપિયા ૨૨,૪૭૦ ની કિંમતના ૧૮૫ મીટર કોપર કેબલ, ૫૦,૦૦૦ ની કિંમતના બે નંગ પીતળ ધાતુની ટોગલપીન, બાઈક અને ૨ દાતરડા સહિત ૧.૩૨ લાખનોનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# જીવાપર ગામે જીવામૃત બનાવવાનો ડેમો યોજી ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન







જામનગર : જામનગર તાલુકાના જીવાપર ગામે પ્રાકૃતિક ખેતીના વ્યાપ અને પ્રસાર માટે ખેડૂતો માટે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેતી ખર્ચ ઘટાડવા અને જમીનની ફળદ્રુપતા વધારવા માટે અત્યંત ઉપયોગી એવા ’જીવામૃત’ બનાવવાની પદ્ધતિ વિશે ખેડૂતોને લાઈવ ડેમો દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

આ તાલીમ દરમિયાન ‘આત્મા’ પ્રોજેક્ટ અને પ્રાકૃતિક ખેતી બોર્ડના નિષ્ણાંત સ્ટાફ દ્વારા ખેડૂતોની નજર સમક્ષ જ જીવામૃત તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, ગોળ, ચણાનો લોટ અને માટીને યોગ્ય માત્રામાં મિશ્ર કરી, વિવિધ તબક્કાવાર પ્રક્રિયા બાદ કેવી રીતે ગુણવત્તાયુક્ત જીવામૃત બનાવી શકાય તેની ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત તૈયાર થયેલા જીવામૃતને પાકમાં કઈ રીતે અને કયા સમયે છાંટવું તેની વિવિધ પદ્ધતિઓ વિશે પણ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

તાલીમ કાર્યક્રમમાં જીવામૃતના ઉપયોગથી જમીનને થતા ફાયદાઓ પર વિશેષ ભાર મૂકતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, જીવામૃતના ઉપયોગથી જમીનમાં અળસિયા અને ઉપયોગી સુક્ષ્મ જીવાણુઓનું પ્રમાણ વધે છે, જે જમીનમાં કુદરતી તત્વોને પુનઃજીવિત કરે છે. ખેડૂતો મોંઘીદાટ રાસાયણિક દવાઓ અને ખાતરો પાછળ ખર્ચ કરવાને બદલે ઘરે જ તૈયાર થતા કુદરતી જંતુનાશકોનો ઉપયોગ કરે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તાલીમમાં મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ઓપન જામનગર બ્રીલીયર્ડ, સુનકર, અને બ્રક-બ્રીલીયર્ડ ટૂર્નામેન્ટ

જામનગર : જામનગર ખાતે આવેલ સુમેર સ્પોર્ટ્સ ક્લબ દ્વારા આગામી તારીખ ૪.૨.૨૦૨૬થી ઓપન જામનગર બ્રીલીયર્ડ, સુનકર, અને બ્રક- બ્રીલીયર્ડ ટૂર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ છે ટૂર્નામેન્ટ મા નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૨૪.૧.૨૦૨૬ છે તો રસ ધરાવતા ખેલાડી આ ટૂર્નામેન્ટ નામ નોંધાવી લેવા જણાવાયું છે.

# જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં ચણાની આવક શરૂ, ૧૩૫૫નો ભાવ બોલાયો



જામનગર : જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ગઈકાલે ચણાની આવક શરૂ થઈ ગઈ છે, અને રૂપિયા ૧૩૫૫ જેવો ઊંચો ભાવ બોલાતાં ખેડૂતો ખુશ થયા છે. જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં ગઈકાલે નવા ચણાની આવક થવા પામી હતી. જામનગર તાલુકાના સુવરડા ગામના ખેડૂત વિનોદભાઈ ચાંદ્રા ૩૦ ગુણી ચણાનો જથ્થો લઈને આવ્યા હતાં. તેનો પ્રતિમણ રૂા. ૧૩૫૫ ના ભાવે હરાજીમાં સોદો થયો હતો, તેના કમિશન એજન્ટ તરીકે રાજેશ્વરી ટ્રેડીંગ હતા. ચણાનો સારો ભાવ મળી રહ્યો હોવાથી ખેડૂતો ખુશખુશાલ થયા છે.

## અવસાન નોંધ

**જામનગર :** સ્વ. હાથીભાઈ પરસોત્તમભાઈ મહેતાના પુત્ર બટુકભાઈ મહેતા તે સ્વ. કાંતિભાઈ, સ્વ રમેશભાઈ, તથા સ્વ. કિશોરભાઈના ભાઈ, તેમજ સ્વ. પ્રસન્નબેન, કુમુદબેન,મંજુબેનના દિયર તથા સ્વ. ચેતન, મોન્ટુ, નાનુ, સ્વ. કલ્પેશના કાકાનું તા. ૯ના રોજ અવસાન થયું છે. સદગતની પ્રાર્થનાસભા તા. ૧૨ને સોમવારના સવારે ૧૧ વાગ્યે લોકાગચ્છના વંડે, ચાંદીબજાર,જામનગર ખાતે રાખેલ છે.